# એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન,
# રાયકા સર્કલ, ઉધના, સુરત

## માહિતી પુસ્તિકા

### એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન ખાતેની કેન્ટીનનો ઈજારો

### ભાડેથી મેળવવા કવોટેશન/ઓફર આપવા બાબત

**કવોટેશન સ્વીકારવાની તારીખ :** તા.૧૩/૦૬/૨૦૨૪ થી તા.૨૧/૦૬/૨૦૨૪,
સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધી.

**સ્થળ :** એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન,
રાયકા સર્કલ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

**કવોટેશન ભરનાર સંસ્થાનું નામ :** ..........................................

**સરનામું :** ..........................................

..........................................

..........................................

**સંસ્થાના જવાબદાર વ્યકિતનું નામ :** ..........................................

**ફોન/મોબાઈલ નંબર :** ....................................................

## –:: કેન્ટીન ભાડે રાખવાની શરતો ::–

**(૧)** આ કેન્ટીન એક વર્ષ માટે ફાળવવામાં આવશે. મુદત પુરી થયે કેન્ટીનનો કબ્જો એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશનને, સુપ્રત કરવાનો રહેશે.પરંતુ, જો સંતોષકારક કામગીરી હશે તેમજ નિયમિતપણે નાણાં ભરપાઈ કરેલ હશે, તો પરસ્પર સમજુતીથી વધુમાં વધુ એક વર્ષ માટે મુદત લંબાવી/વધારી આપવામાં આવશે.

**(૨)** ઈજારદારે / ઓફરરે સદર કેન્ટીનની મહતમ માસિક ભાડાની ઓફર સાથે નીચે મુજબના પુરાવાઓ રજુ કરવાના રહેશે.

(i) ફુડ અને ડ્રગ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર

(ii) ઈજારદારે / ઓફરરે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

(iii) ઓળખકાર્ડ જેવા કે આધારકાર્ડ/ચુંટણીકાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ વિગેરે.. તથા

(iv) જી.એસ.ટી.સર્ટીફીકેટ

**(૩)** આ કેન્ટીનનું ક્ષેત્રફળ ૨૦૦.૧૮ ચો. મી. છે.

**(૪)** કેન્ટીન ચલાવવા માટે જરૂરી ઈલેકટ્રીસીટી તથા ગેસ લાઈનનું કનેકશન પુરૂ પાડવામાં આવશે. ગેસ બીલનો ખર્ચ તેમજ વિજળી બીલનો ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે. ગુજરાત ગેસ કુ. લી., સુરત ઈલેકટ્રીકસીટી કું. લી.ના લાગુ પડતા બીલ, વિગેરે ઈજારદારે નિયમીત ભરવાના રહેશે. તથા અનિયમિત બીલનો દંડ વિગેરે ભરવાના થાય તો તેવી દંડની રકમ ઈજારદારે ભરપાઈ કરી તાત્કાલીક પૂર્તતા કરવાની રહેશે. તદઉપરાંત વખતો વખત લાગુ પડતા કેન્દ્ર સરકાર/રાજય સરકાર તરફથી નકકી થયેલ નિયમો/કાયદાને અમલવા સરકારી/અર્ધસરકારી ટેક્ષ, શેસ, જી.એસ.ટી.ચાર્જ, વેરા, સર્વિસ ટેક્ષ, ડયુટી વિગેરે તથા તેને લાગુ નકકી કરેલ પોલીસી મુજબ વ્યાજ/પેનલ્ટી વિગેરે અલગથી ફરજીયાત પણે ભરપાઈ કરવાના રહેશે.

**(૫)** ઈજારદારે સદર કેન્ટીનની મહતમ માસિક ભાડાની ઓફર નિયત ફોર્મમાં સીલબંધ કવરમાં આપવાની રહેશે. " કવર ઉપર એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન ખાતે કેન્ટીન ચલાવવા માટેનું કવોટેશન " એમ સ્પષ્ટ લખવાનું રહેશે. ભાડાની રકમમાં તમામ પ્રકારના મ્યુ. મિલ્કત વેરાનો સમાવેશ થાય છે તથા ઈજારદારે અલગથી મિલ્કત વેરો ભરવાનો રહેશે નહિ. નકકી થયેલી માસિક ભાડાની રકમ પ્રમાણેના એડવાન્સ ચેકો દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશનના સંબંધિત ખાતામાં જમા થાય તે પ્રમાણે ઈજારદારે આપવાના રહેશે. સદર ચેકો પૈકીના કોઈપણ ચેક પરત ફરે / રીટર્ન થાય તો તે રકમ પર વાર્ષિક ૧૮% લેખે સાદુ વ્યાજ પેનલ્ટી તરીકે લાગુ પડશે તથા તે પેનલ્ટી સહિતની રકમ ઈજારદારે રોકડમાં ચુકવવાની રહેશે.

**(૬)** ઈજારદારે સીલબંધ ઓફર સાથે બાનાની રકમનો "AIC SURATI ILAB FOUNDATION" નામનો રૂા.૨,૦૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ / પે–ઓર્ડર જમા કરાવવાનો રહેશે.

(૭) ઈજારદારની ઓફર મંજુર થયેથી ઈજારદારે સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા.૧૫,૦૦૦/– જમા કરાવવાના રહેશે. જે ઈજારો પુરો થયેથી વિના વ્યાજ પરત કરવામાં આવશે.

(૮) ઈજારદારે કેન્ટીનમાં નીચે જણાવેલ વસ્તુઓનું વેચાણ કરવાનું રહેશે.
ઈજારદારે ફકત વેજીટેરીયન ખાદ્ય ચીજ વસ્તુઓનું જ વેચાણ કરવાનું રહેશે. ચા, કોફી, દુધ, ઠંડાપીણા (નોન આલકોહોલીક), ફરસાણ, બીસ્કીટ તથા મદ્રાસી વાનગીઓ અને નાસ્તા પુરી, ભાજી, લંચ વિગેરે, આ ઉપરાંત ઈજારદાર બીજી કોઈપણ ખાદ્ય વસ્તુઓનું વેચાણ કરવા ઈચ્છે તો નિયમાનુસાર પરવાનગી મેળવી વેચી શકશે.

(૯) કેન્ટીનમાં તમામ ચીજ વસ્તુઓ ચોખ્ખી અને ગુણવતા પ્રમાણે વેચાણ કરવાની રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકાના ધારાધોરણનું પાલન કરવાનું રહેશે.

(૧૦) ઈજારદારે અગ્નિશામક સાધનોની તમામ વ્યવસ્થા કરવાની રહેશે તેમજ જરૂરી N.O.C. મેળવવાની રહેશે.
કેન્ટીનમાં કામ કરતા કર્મચારીઓ  કામદારોના આરોગ્યની કાળજી રાખવાની રહેશે. ઈજારદારે ગુમાસ્તાધારા, લઘુતમ વેતન ધારા, મજુર કાયદા હેઠળ અધિનિયમ ૧૯૭૦ હેઠળની તમામ જોગવાઈઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે તેમજ તે અંગે જરૂરી લાયસન્સ લેવાના રહેશે.

(૧૧) ઈજારદારે તેઓની ઓફર મંજુર થયેથી કેન્ટીનની જગ્યાનો કબ્જો જરૂરી સાધનો સહિત એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન પાસેથી મેળવવાનો રહેશે અને તે સ્થિતિમાં વર્ષાનંતે પરત કરવાનો રહેશે આ સમય દરમ્યાન આ પ્રીમાઈસીસને તથા ફર્નીચરને જે કાંઈ નુકશાન થશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે. કેન્ટીનનું મેઈન્ટેનન્સ ઈજારદારે કરાવવાનું રહેશે.

(૧૨) કેન્ટીનનો સમય કચેરી સમય દરમ્યાન એટલે કે સવારે ૮:૦૦ થી સાંજે ૭:૦૦ સુધીનો રહેશે. પરંતુ પ્રોગ્રામ/ ઈવેન્ટ સમયે રજાના દિવસોમાં પણ  સુચના મુજબ કેન્ટીન ખુલ્લી રાખવાની રહેશે.

(૧૩) કેન્ટીન માટેના જરૂરી લાયસન્સો ઈજારદારે પોતે મેળવવાના રહેશે.

(૧૪) જરૂરી મટીરીયલ સહિત કેન્ટીનની સાફ સફાઈ નિયમિત પણે ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે. તેમજ કેન્ટીન રૂમમાં વાનગી પીરસવા તથા વાનગી બનાવવા માણસો ઈજારદારે રાખવાના રહેશે.

(૧૫) સદર કવોટેશનની કોઈપણ શરતનો ભંગ થાય તો સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી તાત્કાલિક અસરથી ઈજારો રદ કરવામાં આવશે.

(૧૬) ઓફર મંજુર કર્યા બાદ જો ઈજારદાર કેન્ટીનનો કબ્જો સમયસર સ્વીકારે નહિ તો તેવા સંજોગોમાં બાનાની રકમ જપ્ત કરી અન્ય ઈજારદારને કેન્ટીનની ફાળવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૭) એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન પ્રીમાઈસીસમાં ચા, કોફીનું વેન્ડીંગ મશીન મુકી શકશે.

(૧૮) ઉપરોકત શરતોમાં વખતોવખત જરૂરી સુધારા વધારા એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન કરી શકશે તથા તે તમામ ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે. તથા કોઈપણ શરતોના ભંગ બદલ ઈજારો રદ કરી કેન્ટીનનો કબ્જો તાત્કાલીક એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશનને હસ્તક લેવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને છે અને રહેશે.

**(૧૯)** કવર–૧ માં મુદા નં ૨ અને ૬ મુજબના ડોકયુમેન્ટ રજુ કરવાના રહેશે તથા કવર પર "ડોકયુમેન્ટ તથા બાનાની રકમ" એ પ્રમાણે મથાળું લખવાનું રહેશે.

– જયારે કવર–૨ માં માત્ર ઓફર લેટર રજુ કરવાનું રહેશે. તથા કવર પર "ઓફર લેટર " એ પ્રમાણે મથાળું લખવાનું રહેશે.

– ઉપરોકત બંને કવરો સીલબંધ કરી એક અન્ય ત્રીજા કવરમાં સીલબંધ રાખી નીચે જણાવેલ સરનામે તા.૨૧/૦૬/૨૦૨૪, સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાનું રહેશે.

સરનામુ :– એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન,
રાયકા સર્કલ, ઉધના,
સુરત–૩૯૪૨૧૦.

**મેનેજિંગ ડિરેકટર**
**એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન**

**ઉપરોકત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

**તા. / /૨૦૨૪**

**ઈજારદારની સહી તથા સિકકો**

**ઓફર લેટર**

**પ્રતિ,**
**મેનેજિંગ ડિરેકટરશ્રી,**
**એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન,**
**રાયકા સર્કલ, ઉધના, સુરત.**

**વિષય :– એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન ખાતે કેન્ટીનનો ઈજારો ભાડેથી મેળવવા બાબત**

**મે. સાહેબ,**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, એઆઈસી સુરતી આઈલેબ ફાઉન્ડેશન, ની કચેરી ખાતે આવેલ કેન્ટીન કવોટેશનમાં જણાવેલ શરતોને આધીન ચલાવવા હું સમંત છું.

વધુમાં, આ કેન્ટીન ચલાવવા માટે માસિક ભાડાની મારી મહતમ ઓફર રૂા. _______________ (અંકે રૂપિયા ________________________________________ પુરા ) ની છે. જે ધ્યાને લેવા વિનંતી.

વધુમાં ઉપરોકત ઓફર સાથે અલગથી જી.એસ.ટી. તેમજ સરકારશ્રીના વખતો વખત અન્ય લાગુ પડતા વેરા/ ચાર્જ ભરપાઈ કરવાની સંમતિ આપું છું.

આ અગાઉ નીચે જણાવેલ સંસ્થા/કચેરીમાં કેન્ટીન/રેસ્ટોરન્ટ ચલાવવાનો ઈજારો મે મેળવેલ જે અંગેના પ્રમાણપત્ર સામેલ છે. તથા સંસ્થાનું ફુડ અને ડ્રગ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્રનં .................... છે તથા તેની વેલિડિટી તા.............. સુધી છે.

| **અ.નં.** | **સંસ્થાનું નામ** | **સરનામું** |
|---|---|---|
| **૧–** | | |
| **૨–** | | |
| **૩–** | | |

**તા. / /૨૦૨૪**

**ઓફરરની સહી તથા સિકકો**

**સુરત.**

**નામ :–**

**સરનામું :–**